
Publication: Navgujarat Samay| Edition: Ahmedabad
Date: June 04, 2023| Page No: 06|Food & Agriculture
Headline: Fire in the dhimangam cow shelter of Dhima fodder burnt to ashes

### થરાદ ફાયર ફાઈટરે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી પરંતુ ગૌશાળાને મોટું નુકસાન

# ઢીમાની ઢીમણનાગ ગૌશાળામાં આગ લાગતાં ઘાસચારો ખાખ



તસવીર : વાસુદેવ સાધુ

નવગુજરાત સમય > વાવ

સરહદી વાવ અને સુઈગામ પંથકમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર પહોંચ્યો છે.ત્યારે સરહદી વાવ પંથકમાં આગ લાગવાના બનાવો ખુબ જ વધી રહ્યાં છે ત્યારે વાવ તાલુકાનાં યાત્રાધામ ઢીમાની ઢીમણનાગ ગૌશાળાનાં ઘાસચારાનાં શેડમાં અગમ્ય કારણોસર આગમાં ઘાસચારો બળીને ભસ્મ થઈ જવા પામ્યો હતો. આગ લાગવાના સમાચાર મળતાં જ મોટી સંખ્યામાં ગ્રામજનો દોડી આવી આગ કાબૂમાં આવે તે માટે પાણી નાખવામાં આવ્યું હતું. ત્યારે થરાદ ફાયર ફાઈટરને શનિવારે સાંજે 7 કલાકે કોલ મળ્યો હતો. જેથી તાત્કાલિક અસરથી થરાદ નગરપાલિકાનું ફાયર ફાઈટર દ્વારા આગને કાબૂમાં લેવામાં આવી હતી.

ઢીમા ચારરસ્તા નજીક આવેલ ઢીમણનાગ ગૌશાળાનાં ઘાસચારાનાં શેડમાં અગમ્ય કારણોસર આગ લાગવાથી ઘાસચારો બળીને ભસ્મ થઈ જવા પામ્યો હતો.ગૌશાળામાં 300થી વધારે ગાયોનો નિભાવ થઈ રહ્યો છે. ત્યારે સમયસૂચકતાને કારણે મોટી જાનહાનિ ટળી હતી. ઘાસચારો બળી જતાં મોટા પ્રમાણમાં નુકશાન થયું હતું.

## હિંમતનગરના શામળાજી હાઈવે પર ભંગારના ગોડાઉનમાં આગ



તસવીર : મુકેશ વણકર

હિંમતનગર: હિંમતનગરના શામળાજી હાઇવે પર સર્વોદય હોટલના સામે આરતી એન્ટરપ્રાઇઝના જગદીશકુમાર મગનીરામ ખટીકનું ગોડાઉન આવેલ છે. જેમાં વેસ્ટ પેપર સહિત જુનો ભંગારનો જથ્થો રાખવામાં આવ્યો હતો. શનિવારે બપોરે કોઇ અગમ્ય કારણોસર ગોડાઉનમાં આગ લાગતાં વેસ્ટ પેપરનો જથ્થો સહિત અન્ય માલ બળીને ખાખ થઇ ગયો હતો અને ધુમાડાના ગોટેગોટા ઉડતા હિંમતનગર ફાયર બ્રીગેડની ટીમને જાણ કરવામાં આવી હતી. ફાયર ઓફિસર ગઢવી દિગ્વિજયસિંહ સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઇ હતી અને પાણીનો મારો ચોલાવી આગને કાબૂમાં લીધી હતી.

## ડીસાના ડાવસમાં ઘાસચારામાં આગ



ડીસા : ડીસા તાલુકાના ડાવસ ગામે રહેતા ધર્માભાઈ પટેલ આજે બપોરના સમયે ઘરમાં હતા તે સમયે અચાનક ખેતરમાં ઘાસચારાના ગોડાઉનમાં આગ લાગી હતી. બનાવને પગલે ખેડૂત સહિત પરિવારના તમામ સભ્યો બહાર દોડી આવ્યા હતા. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ઘાસના પુળામાં ભારે આગ લાગી રહી હતી. આગની ઘટના અંગે જાણ થતા ડીસા પાલિકાની ફાયર ફાઈટરની ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયાસો હાથ ભર્યા હતા. સતત દોઢ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો.